# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-05-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---------------------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CABINET MEET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાઇ. જેમાં રાજ્ય સરકાર દ્વારા છેલ્લા એક સપ્તાહમાં કરકસરના લેવાયેલા પગલાં તેમજ રાજ્યમાં પેટ્રોલ ડિઝલની સ્થિતિની સમીક્ષા કરવામાં આવી. રાજ્યમાં પીવાના પાણીની સ્થિતિ અને આગામી ચોમાસાને લઈ જરૂરી તૈયારીઓ પર પર ચર્ચા કરવામાં આવી. આ ઉપરાંત બેઠકમાં મહિલા અનામત બિલ પર વિધાનસભાના એક દિવસીય સત્ર સંદર્ભે તથા રાજ્ય સરકારના આગામી આયોજનો અને નીતિગત વિષયો પર ચર્ચા કરાઇ.

# JPC SECOND DAY

એક રાષ્ટ્ર એક ચૂંટણી અંગે રચાયેલી સંયુક્ત સંસદીય સમિતિના સભ્યોએ આજે રાજ્યના બીજા પ્રવાસ દરમિયાન આજે વિવિધ રાજકીય પક્ષના આગેવાન સાથે ચર્ચા કરી. ગાંધીનગરમાં ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટીના નેતાઓ સાથે સમિતિ ચર્ચા કરી રહી છે. આ સાથે જ બપોરે સમિતિએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી અને વિધાનસભાના ઉપાધ્યક્ષ પૂર્ણેશ મોદી સહિતના પ્રતિનિધિઓ સાથે પણ બેઠક કરી વિવિધ મુદ્દા પર ચર્ચા કરી હતી.

આ અંગે ભાજપના નેતા અને પૂર્વ શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ગાંધીનગરમાં પત્રકારો સાથેની વાતચીતમાં પ્રતિક્રિયા આપી.

(BYTE: BHUPENDRASINH CHUDASAMA, FORMER EDUCATION MINISTER)

# GOVERNOR PANCHMAHAL

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના મલાવ ગામના પ્રગતિશીલ ખેડૂત નરેશ પટેલના પ્રાકૃતિક ફાર્મની મુલાકાત લીધી. તેમણે ખેતરમાં હળ ચલાવી હળદરનું વાવેતર કર્યું. અગાઉ તેમણે મલાવ ગામની રાત્રિસભા યોજી ગ્રામજનો સાથે સંવાદ કર્યો. તેમણે વહેલી સવારે શાળાના વિદ્યાર્થીઓ, ગ્રામજનો તેમજ યુવાનો સાથે યોગાભ્યાસ પણ કર્યો હતો.

# CENSUS

ખેડાના સાંસદ દેવુસિંહ ચૌહાણે આજે વસતિ ગણતરીના પહેલા તબક્કા હેઠળ આજે ઑનલાઈન માધ્યમથી સ્વગણતરી પ્રક્રિયા પૂર્ણ કરી. તેમણે ખેડા જિલ્લાના તમામ નાગરિકોને સ્વગણતરી કરાવવા અપીલ કરતા સંદેશ આપ્યો હતો.

(BYTE: DEVUSINH CHAUHAN, MP)

બીજી તરફ, કચ્છના સાંસદ વિનોદ ચાવડા પણ ઑનલાઈન માધ્યમથી તેમની અને પરિવારની વિગત સાથેની અરજી ભરી સ્વગણતરી પ્રક્રિયામાં સહભાગી થયા.

ઉલ્લેખનીય છે કે, આગામી 31 તારીખ સુધી યોજાનારી સ્વગણતરી પ્રક્રિયામાં લોકો ઑનલાઈન પોર્ટલ SE.CENSUS.GOV.IN પર જાતે તેમની તેમની માહિતી ભરી શકે છે. ત્યારબાદ આગામી પહેલી જૂનથી ગણતરીદારો નાગરિકોના ઘરની મુલાકાત લઈ વિવિધ વિગતોની જાણકારી મેળવશે.

# MEHSANA WATER PROJECT

મહેસાણામાં ધરોઈ બંધમાંથી પાણી ઉંચું લાવીને હાડોલ અને ડભાડ જેવા 14 ગામના તળાવ અને 24 ચેકડેમ ભરવા સરકાર દ્વારા પાઈપલાઈન યોજનાને મંજૂરી અપાઈ છે. અંદાજે 95 કરોડ રૂપિયાથી વધુની આ યોજનાથી ખેરાલુ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં સિંચાઈ અને પીવાના પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે તેમ અમારા પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે.

# BHAVNAGAR ACCIDENT

ભાવનગરના ભડભીડ ટોલનાકા નજીક કાર અને કન્ટેનર વચ્ચેના અકસ્માતમાં  ત્રણ યુવકના મોત થયા. અમારા પ્રતિનિધિ જણાવે છે કે મોડી રાત્રે કાર આગળ જઈ રહેલા કન્ટેનરના પાછળના ભાગે અથડાઇ હતી ત્યારે કારમાં સવાર યુવકોને બહાર નીકળવાનો મોકો ન મળ્યો અને ઘટનાસ્થળે જ ત્રણેય મોતને ભેટ્યા હતા. ઘટનાની જાણ થતાં જ રાહત-બચાવ ટીમ ઘટનાસ્થળે પહોંચી ત્રણેય મૃતદેહો બહાર કઢાયા અને પોસ્ટ-મોર્ટમ અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા. આ અંગે પોલીસ વધુ તપાસ હાથ ધરી છે.

# AHMEDABAD ZONE-8

અમદાવાદ શહેર પોલીસ માળખામાં મહત્વનો વહીવટી ફેરફાર કરાયો છે ત્યારે આજે નવા ઝોન-8 DCP કાર્યાલયનું ઉદ્ઘાટન કરાયું. આ પ્રસંગે શહેર પોલીસ કમિશનર જી.એસ.મલિકે જણાવ્યું કે આ નવા ઝોન-૪માં પાંચ પોલીસ સ્ટેશનોને આવરી લેવાયા છે જેનાથી કાયદો અને વ્યવસ્થા મજબૂત થશે અને પોલીસ સેવાઓ વધુ સારી બનશે.

( BYTE : G. S. MALIK, CP )

# STATE – WEATHER

રાજ્યમાં આગામી 7 દિવસ ગરમીમાંથી રાહત મળવાની સંભાવના નહીંવત છે. હવામાન વિભાગની યાદી મુજબ આ સમયગાળામાં રાજ્યના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસથી વધુ રહી શકે છે.

દરમિયાન ગત 24 કલાકમાં સૌથી વધુ 44 ડિગ્રી સેલ્સિયસ તાપમાન અમદાવાદ અને રાજકોટમાં નોંધાયુ છે. જ્યારે અમરેલી, ગાંધીનગર અને સુરેન્દ્રનગરમાં મહતમ તાપમાન 43 ડિગ્રી સેલ્સિયસ રહેવાના અહેવાલ છે.